# સુરતની ૧૪૬ શાળાઓને ૧.૭૯ કરોડની નિભાવ ગ્રાન્ટ મળશે

**લાઇટ** બિલથી લઈને ચોકીદાર સુધીનાં ૩૬ પ્રકારના ખર્ચ માટે સરકારની સહાય, ત્રીજા હપ્તામાં થશે વધઘટનો હિસાબ

**શિક્ષણાધિકારી** કચેરી દ્વારા ઈ-મેઈલથી મોકલાયા ચૂકવણીના હિસાબ

### ચાર હપ્તામાં ફાળવાય છે ગ્રાન્ટ, ત્રીજો અને ચોથો હપ્તો બીજા સત્રમાં

રાજ્ય સરકાર દર વર્ષે ગ્રાન્ટેડ શાળાઓને મળતી આ નિભાવ ગ્રાન્ટ ચાર હપ્તામાં ફાળવે છે. હાલમાં પ્રથમ અને બીજો હપ્તો ફાળવાઈ ચૂક્યો છે. જ્યારે ત્રીજો અને ચોથો હપ્તો આગામી શૈક્ષણિક સત્રમાં ચૂકવવામાં આવશે. આ રકમથી શાળાઓને તેમના રોજિંદા ખર્ચમાં રાહત મળવાથી વિદ્યાર્થીઓને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુગમ શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવામાં મદદ મળશે.

### નિભાવ ગ્રાન્ટનો હેતુ શિક્ષણની ગુણવત્તા જાળવી રાખવાનો છે

નિભાવ ગ્રાન્ટ માત્ર શાળાની ભૌતિક જરૂરિયાતો પૂરતી નથી, પરંતુ તેની અસર શિક્ષણની ગુણવત્તા પર પણ પડે છે. સફાઈથી લઈને પાણીની ઉપલબ્ધતા, સુરક્ષા અને જરૂરી સુવિધાઓ શૈક્ષણિક વાતાવરણને સુધારે છે. આ યોજના શાળાઓના સંચાલનને સ્થિરતા આપે છે અને શિક્ષકોને તેમના મુખ્ય ધ્યેય વિદ્યાર્થીઓના અભ્યાસ પર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરવા પ્રોત્સાહિત કરે છે.

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં આવેલી ૧૪૬ ગ્રાન્ટેડ શાળાને રાજ્ય સરકાર તરફથી મળતી નિભાવ ગ્રાન્ટના પ્રથમ અને બીજા હપ્તાની ચૂકવણી પૂર્ણ થઈ ગઈ છે. આ હેઠળ કુલ રૂ.૧,૭૯,૩૭,૦૦૦ (૧.૭૯ કરોડ) જેટલી રકમ શાળાઓને ચૂકવવામાં આવી છે. આ સહાયનો મુખ્ય હેતુ શાળાઓના દૈનિક સંચાલનના ખર્ચને સહયોગ આપવાનો છે. જેમાં લાઇટ બિલ, પાણીબિલ, સફાઈ, ચોકીદારનાં વેતન, પરચૂરણ, રિપેરિંગ કામ વગેરે જેવા ૩૬ વિવિધ કામનો સમાવેશ થાય છે.

સુરત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી હસ્તકની તમામ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે આ ગ્રાન્ટ વડી કચેરી દ્વારા ફાળવવામાં આવી છે. કચેરીએ દરેક શાળાને ચૂકવણીની વિગતવાર માહિતી ઈ-મેઈલ દ્વારા મોકલી આપી છે. જેથી કોઈપણ પ્રકારની વિસંગતતા ઝડપથી સુધારી શકાય. જો કોઈ શાળાએ જોયું હોય કે તેમની ગ્રાન્ટમાં ઓછી કે વધારે ચૂકવણી થઈ છે અથવા વર્ગોની માહિતીમાં સુધારો કરવાની જરૂર છે, તો એવી શાળાઓને પોતાનો લેટર કચેરીની ગ્રાન્ટ શાખામાં તાત્કાલિક રજૂ કરવા આદેશ અપાયો છે. સુધારેલી રકમોનો હિસાબ પછી ત્રીજા હપ્તાની ચૂકવણીમાં સરભર કરવામાં આવશે.

# દ.ગુજરાતની સુગર મિલોની ચૂંટણી મુદ્દે CMને રજૂઆત

**કોંગ્રેસ** અગ્રણી દર્શન નાયકે રજૂઆત કરી

બારડોલીઃ દક્ષિણ ગુજરાતની સહકારી ખાંડ મંડળીઓના વ્યવસ્થાપક બોર્ડની ચૂંટણી સમયસર યોજવા માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શન નાયક દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. આશરે ૨,૨૦,૦૦૦ ખેડૂત સભાસદોના હિત સાથે જોડાયેલી આ મંડળીઓની પાંચ વર્ષની ટર્મ હવે પૂર્ણ થઈ રહી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે, મોટા ભાગની સુગર મિલોની ચૂંટણીઓ નવેમ્બર/ડિસેમ્બર ૨૦૨૦માં યોજાઈ હતી અને હવે તેમની મુદત સમાપ્ત થઈ રહી છે.

નવી ચૂંટણીઓ યોજવા માટે જે-તે સહકારી સુગર મિલો દ્વારા જિલ્લા રજિસ્ટ્રારોને દરખાસ્તો મોકલી આપવામાં આવી છે. જો કે, ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને તેને પડકારતી ગુજરાત સરકારની સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ સ્પેશિયલ લીવ અપીલને કારણે ચૂંટણી પ્રક્રિયા અંગે અનિશ્ચિતતા પ્રવર્તે છે.

હાઈકોર્ટના ચુકાદા મુજબ આ મંડળીઓને ફરીથી 'નિર્દિષ્ટ મંડળી (૭૪(સી))' તરીકે સમાવિષ્ટ કરવાનો આદેશ અપાયો હતો, જેના પર સુપ્રીમ કોર્ટ દ્વારા કોઈ સ્ટે આપવામાં આવ્યો નથી. તેમણે માંગ કરી છે કે, સભાસદોના હક્કો અને મંડળીઓના હિતોને ધ્યાનમાં રાખીને, કાયદા અને નિયમોના આધારે તાત્કાલિક ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે. તેમણે જિલ્લા રજિસ્ટ્રારને યોગ્ય સૂચનાઓ આપવા અને વહીવટી વિલંબ ટાળવા માટે અપીલ કરી છે, જેથી મંડળીઓનું સંચાલન નિયમાનુસાર અને પારદર્શી રીતે થઈ શકે.

# એક જ સપ્તાહમાં ખેડૂતો માટે પેકેજ જાહેર કરાશે

**૧૦** લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં નુકસાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે : જીતુ વાઘાણી

ગાંધીનગર : રાજયમાં હાલમાં થયેલા કમોસમી વરસાદના પગલે અંદાજિત 10 લાક હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં ખેતીને ભારે નુકસાન થયુ છે. આજે સીએમ ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી કેબીનેટ બેઠકમાં તાજેતરમાં થયેલા ભારે વરસાદના કારણે ખેતીને થયેલા નુકસાન ની લંબાણપૂર્વકની ચર્ચા થવા પામી છે. એટલું જ નહીં આગામી એક સપ્તાહની અંદર નુકસાનીનો સર્વે હાથ ધરીને તે પછી ખેડૂતો માટે રાહત પેકેજ જાહેર કરવાની સરકારે તૈયારી કરી લીધી છે. કેબીનેટ બેઠક બાદ પ્રવક્તા સીનીયર મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે પ્રાથમિક અહેવાલ અનુસાર ગત તા. ૨૩ થી ૨૮ ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં 33 જિલ્લાના ૨૩૯ તાલુકામાં સમાન્યથી અતિભારે વરસાદ વરસ્યો હતો. જેમાં હાલના તબક્કે આશરે ૧૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં નુકશાન થયું હોવાનો પ્રાથમિક અંદાજ છે.

વાઘાણીએ કહ્યું હતું કે, બેઠકમાં મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ રાજ્યના ખેડૂતો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી તેમજ કમોસમી વરસાદથી અસરગ્રસ્ત જિલ્લામાં તાત્કાલિક ધોરણે SDRFના ધારાધોરણો મુજબ સર્વે શરૂ કરીને, તેને સાત દિવસમાં પૂર્ણ કરવા સૂચનાઓ આપી છે, એક સપ્તાહની અંદર સર્વે પૂર્ણ થઇ ગયા બાદ રાજય સરકાર દ્વારા રાહેત પેકેજ જાહેર કરવામાં આવનાર છે.

### 31મી ઓક્ટોબરના રોજ

## ભાવનગર-સુરત વચ્ચે ચક્રવાતી સિસ્ટમ ટકરાશે

**હાલ** સિસ્ટમ વેરાવળથી 430 કિમી દૂર

ગાંધીનગર : અરબ સાગરમાં આકાર પામેલી ચક્રવાતી હવાના દબાણની સિસ્ટમ હાલમાં વેરાવળથી 430 કિમી દૂર છે એટલું જ નહીં આગામી તા.31મી ઓકટો.ના રોજ ભાવનગર અને સુરત વચ્ચે દરિયાકાંઠે ટકરાશે, જેના પગલે આગામી ત્રણ દિવસ માટે અમરેલી, ભાવનગર , પોરબંદર , જુનાગઢ, ગીર સોમનાથ , દિવ અને દ્વારકામાં અતિ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયુ છે. દક્ષિણ ગુજરાતમાં આ સિસ્ટમની અસર હેઠળ ભારે વરસાદ થઇ શકે છે.

બીજી તરફ રાજયમાં છેલ્લા 72 કલાકમાં થયેલા વરસાદના પગલે 10 લાખ હેકટર કરતાં વધારે વિસ્તારમાં ખેતીને નુકસાન થયુ હોવાનો અંદાજ છે.ખાસ કરીને અમરેલી , ભાવનગર , ગીર સોમનાથ , જુનાગઢ , નવસારી, તાપી , સુરત વલસાડ અને નવસારી જિલ્લાનો સમાવેશ થાય છે.

સીએમ ભૂપેન્દ્ર પટેલે આજે કેબીનેટ બેઠક દરમ્યાન આગામી સાત દિવસની અંદર પાકને થયેલા નુકસાનનો સર્વે પુરો કરીને રાહત પેકેજ જાહેર કરાશે, તેવી જાહેરાત પણ કરી છે. ભારે વરસાદના કારણે મુખ્યત્વે મગફળીના પાકને ભારે નુકસાન થયુ છે. રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર જેવા જિલ્લાઓમાં મગફળીનું વાવેતર મોટા પાયે થાય છે,

# કમોસમી વરસાદથી જગતનાતાતનેમોટીઘાત

**ખેડૂતોને** થયેલા આર્થિક રાહત આપવા ધારાસભ્ય સંદીપ દેસાઇએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો

સુરતઃ ચોર્યાસી વિધાનસભા સુરતના ધારાસભ્ય સંદિપ દેસાઈએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી કમોસમી વરસાદને લીધે ચોર્યાસી તાલુકાના ખેડૂતોને થયેલા આર્થિક નુકસાન સામે રાહત આપવા માંગ કરી છે.

મુખ્યમંત્રીને લખેલા પત્રમાં દેસાઈએ જણાવ્યું છે કે, 'ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાનો તેમજ સુરત મહાનગરપાલિકાના કુલ - ૩૦ માંથી ૧૦ વોર્ડનો સમાવેશ થાય છે. જે પૈકીના ગામતળના વિસ્તારમાં ખેતી વ્યવસાય સાથે જોડાયેલા નાગરિકો વધુ પ્રમાણમાં વસવાટ કરે છે.

હાલમાં કમોસમી વરસાદના કારણે ડાંગર અને શેરડીના પાકને વ્યાપક નુકસાન થતા ખેડૂતોને આર્થિક ફટકો પડ્યો છે. ડાંગરની ખેતી સાથે સંકળાયેલા ખેડૂતોનો સમગ્ર પાક વરસાદના કારણે નાશ પામેલ છે તેમજ શેરડીના નવા વાવેતરમાં પણ વિપુલ પ્રમાણમાં નુકસાન થયેલ છે આથી, આ બાબત ધ્યાને લઇ સરવે કરાવી ખેડૂતોને માનવતાના તેમજ અગ્રતાના ધોરણે રાહત આપવી જોઈએ.

## પીજી મેડિકલમાં 140 વિદ્યાર્થી ડિસ-ક્વોલિફાય

ગાંધીનગર : મેડિકલ અનુસ્નાતક વિદ્યા શાખા એમડીએમએસની સરકારી સ્વનિર્ભર કોલેજોની તેમજ એનઆરઆઈ બેઠકો ઉપર એડમિશન માટેની ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા તથા ડોક્યુમેન્ટ વેરીફીકેશન કાર્યવાહી બાદ ડોક્યુમેન્ટ ચકાસણી પછી મેરીટ યાદી વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. જેમાં 140 વિદ્યાર્થીઓ ડિસ-ક્વોલિફાય થયા છે મેડિકલ અનુસ્નાતક વિદ્યા શાખાના ડોક્યુમેન્ટ ચકાસણી બાદ જાહેર કરાયેલી મેરીટ યાદીમાં જનરલમાં 1 થી 4,790, એસઈબીસીમાં 1 થી 1129, ઈડબલ્યુએસ 1 થી 1087, એસસી 1 થી 321, એસટીમાં 1 થી 357, અને એનઆરઆઈ 1 થી 60 મુજબ મેરીટ યાદીમાં સમાવેશ કરાયો છે.

# માલીબા કોલેજની વિદ્યાર્થીઓ ભરેલી બસનો અકસ્માત

**એના** ગામ પાસે અકસ્માત નડ્યો, ચાર વિદ્યાર્થીને ઈજા, એકની હાલત ગંભીર



સુરતઃ બારડોલી તાલુકામાં આવેલી માલીબા કોલેજની બસ વિદ્યાર્થીઓને લઈને સુરત તરફ આવી રહી હતી ત્યારે પલસાણા-બારડોલી હાઈવે પર એના ગામ પાસે આ બસને અકસ્માત નડ્યો હતો. આ ઘટનામાં ચાર વિદ્યાર્થીને ઈજા પહોંચી હતી, જેમાંથી એકની હાલત ગંભીર હોવાથી તેને તાત્કાલિક બારડોલીની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

મળતી માહિતી અનુસાર, માલીબા કોલેજમાં સુરત અને આસપાસના વિસ્તારોના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. કોલેજ તરફથી રોજિંદી બસ વિદ્યાર્થીઓને લઈ જવા અને મૂકવા જવાની સુવિધા આપવામાં આવે છે. આ બસ રાબેતા મુજબ બુધવારે પણ કોલેજ પુરી થયા બાદ બસ વિદ્યાર્થીઓને લઈને સુરત તરફ રવાના થઈ હતી. ત્યારે એના ગામ પાસે અચાનક બસને અકસ્માત નડ્યો હોવાથી બસમાં અફરાતફરી મચી ગઈ. આ અકસ્માતની ઘટનામાં ચાર વિદ્યાર્થી ઈજાગ્રસ્ત થયા હતા. જે પૈકી ત્રણ વિદ્યાર્થીને હળવી ઈજા હોવાથી તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. જ્યારે એક વિદ્યાર્થીને ગંભીર ઈજા પહોંચી હોવાથી તેને બારડોલી ખાતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેની હાલમાં સારવાર ચાલુ છે અને પ્રાથમિક તપાસમાં તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

# અંકલેશ્વરના બ્રેઈનડેડ વૃદ્ધના અંગદાનથી ત્રણને નવજીવન

**વૃદ્ધનાં** લીવર, બે કિડનીનું દાન કરવામાં આવ્યું

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં બ્રેઈનડેડ વૃદ્ધના લીવર, બે કિડનીના અંગદાનથી ત્રણને નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો મુજબ, અંકલેશ્વરના અડોલના વતની અને હાલ ઉધના વિસ્તારમાં રહેતા 62 વર્ષીય દલપતભાઈ પ્રભુભાઈ પટેલ સિક્યોરિટી



ગાર્ડની ફરજ બજાવતા હતા. 24મી ઓક્ટોબરે બપોરે દલપતભાઈને ચક્કર આવતા પડી ગયા હતા. પડી જવાથી માથામાં ગંભીર ઈજા થતાં તેમને બ્રેઈન ડેડ જાહેર કરાયા હતા. પટેલ પરિવારને સોટોની ટીમના ડો. કેતન નાયક, ડો. નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, કાઉન્સેલરે અંગદાનનું મહત્ત્વ સમજાવ્યું હતું,

## અનુસંધાન... પાના પહેલાનું

### રિલાયન્સનું સામ્રાજ્ય...

નવા ઉત્પાદનો અને ભાગીદારીની પણ જાહેરાત કરી હતી. તાજેતરની ભાગીદારીના આધારે, રિલાયન્સ એનવીડિયાની વ્યૂહાત્મક ભાગીદાર અને ગ્રાહક છે. બંને કંપનીઓ ભારતમાં એડવાન્સ્ડ એઆઇ ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે સાથે મળીને કામ કરી રહી છે. એનવીડિયા તેના બ્લેકવેલ એઆઇ પ્રોસેસર્સ અને ગ્રેસ હોપર ચિપ્સ સપ્લાય કરશે જેથી રિલાયન્સના એક ગીગાવોટ ડેટા સેન્ટરને પાવર મળી શકે.

વિશ્વભરમાં એઆઇને વધુને વધુ અપનાવવામાં આવી રહી છે અને આ સેગમેન્ટની એક મહત્વપૂર્ણ કંપની તરીકે, એનવીડિયા યુએસ અને ચીન વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધ વચ્ચે નવા સોદા કરી રહી છે. એનવીડિયા યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી માટે જે સુપર કમ્પ્યુટર્સ બનાવી રહ્યું છે તેનો ઉપયોગ દેશના પરમાણુ શસ્ત્ર કાર્યક્રમને જાળવવા અને આગળ વધારવા માટે પણ કરવામાં આવશે.

### 'મોન્થા'ને કારણે આંધ્ર...

પાકને નુકસાન થયું હતું. પાડોશી તેલંગાણામાં પણ ભારે વરસાદ પડ્યો હતો. લેન્ડફોલ થયા બાદ મોન્થા નબળું પડીને આંધ્રપ્રદેશના કાંઠા વિસ્તારો અને પાડોશી તેલંગાણામાં ડીપ ડીપ્રેશનમાં ફેરવાયું હતું. 28 ઓક્ટોબરના રોજ કોનાસીમા જિલ્લાના મકનાગુડેમ ગામમાં ભારે પવનના કારણે એક તાડનું ઝાડ 43 વર્ષીય મહિલા પર તૂટી પડ્યું હતું જેના કારણે તેનું મૃત્યુ થયું હતું.

પશ્ચિમ ગોદાવરી જિલ્લાના પોલીસ અધિક્ષક અદનાન નઈમ અસ્મીએ જણાવ્યું હતું કે જિલ્લામાં 141 વૃક્ષો ઉખડી ગયા હતા અને સાપ કરડવાના આઠ અહેવાલો મળ્યા હતા. જિલ્લામાં કોઇ જાનહાનિ થઇ નથી. વીજળીમાં કોઇ મોટો વિક્ષેપ પડ્યો નથી અને સુરક્ષા માટે અધિકારીઓએ કેટલીક જગ્યાએ વીજ પુરવઠો કાપી નાખ્યો છે.

મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુએ વરસાદ અને પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી અને અધિકારીઓને આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવાનો નિર્દેશ આપ્યો હતો, એમ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. 'સરકારે અસરગ્રસ્ત જિલ્લાઓના જિલ્લા કલેક્ટરોને રાહત શિબિરોમાં રોકાયેલા અસરગ્રસ્ત પરિવારો અને આજીવિકા પર અસર પડી હોય તેવા માછીમારોને મફતમાં આવશ્યક ચીજવસ્તુઓનું વિતરણ કરવાની મંજૂરી આપી છે' એમ અધિકારીએ જણાવ્યું હતું. સરકાર 25 કિલો ચોખા અને ચણાની દાળ, રસોઈ તેલ, ડુંગળી, બટાકા અને ખાંડ, એક કિલો, દરેકનું વિતરણ કરશે. વણકર અને માછીમારો માટે, બમણા ચોખા, 50 કિલો, વિતરણ કરવામાં આવશે.

### અગાઉથી કરેલી તૈયારીઓના કારણે ઓછું નુકસાન થયું

પશ્ચિમ ગોદાવરી જિલ્લાના એડીએસપી, વી ભીમા રાવે નોંધ્યું હતું કે ચક્રવાતનો સામનો કરવા માટે અગાઉથી ઉત્તમ તૈયારીઓ કરવામાં આવી હતી, જેના કારણે 15 મિનિટમાં ઉખડી ગયેલા વૃક્ષો દૂર કરવામાં આવ્યા હતા. મધ્યરાત્રિની આસપાસ, જ્યારે મોન્થા દરિયા કાંઠાથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે દરિયો પેરુપાલેમ ગામમાં બીચ રોડ સુધી આગળ વધ્યો હતો. એડીએસપીએ ચક્રવાતના અસરકારક સંચાલનનો શ્રેય લોકોમાં વ્યાપક જાગૃતિ અને વાયરલેસ સેટનો ઉપયોગ કરીને દરિયા કિનારાના ગામોમાં કરાયેલા સંદેશાવ્યવહારને આપ્યો.

### ઓડિશાના કેટલાંક...

અને તેલંગાણામાંથી પસાર થઈ રહ્યું હતું, એમ હવામાન વિભાગે જણાવ્યું હતું. વિવિધ જિલ્લાઓમાં ભૂસ્ખલન, વૃક્ષો ધરાશાયી થવા અને ઘરોને નુકસાન થવાની ઘણી ઘટનાઓ નોંધાઈ છે, એમ વિશેષ રાહત કમિશનરની ઓફિસે જણાવ્યું હતું. આઈએમડી બુલેટિનમાં જણાવાયું છે કે રાજ્યના ખુર્દા, કટક, પુરી, કેન્દ્રપાડા અને જગતસિંહપુર જિલ્લાઓ સહિત દરિયાકાંઠાના પટ્ટામાં 30 કિમી પ્રતિ કલાકથી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવો થી મધ્યમ વરસાદ નોંધાયો છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા જારી કરાયેલા બુલેટિનમાં જણાવાયું છે કે મયુરભંજ જિલ્લામાં મહત્તમ 105 મીમી વરસાદ નોંધાયો છે, ત્યારબાદ બાલાસોરમાં 93.5 મીમી, ખુર્દામાં 90 મીમી અને ચાંદબાલીમાં 74.4 મીમી વરસાદ નોંધાયો છે.

### અસરગ્રસ્ત જિલ્લાઓમાં...

ટીમો તૈનાત કરવામાં આવી હતી. 134 કિમી રસ્તાઓ પર પડી ગયેલા વૃક્ષો સાફ કરવામાં આવ્યા હતા અને વાહનોની સંપૂર્ણ અવરજવર પુનઃસ્થાપિત કરવામાં આવી હતી. આંધ્રપ્રદેશ રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસો બુધવારથી 100 ટકા સેવાઓ ફરી શરૂ કરી.

કોનસીમા જિલ્લામાં 400 રાહત શિબિરોમાં 10000 કરતાં વધુ લોકોને આશ્રય આપવામાં આવ્યો હતો અને રાજ્ય સરકારે દરેક અસરગ્રસ્ત પરિવારને રૂ. 3000 અને વ્યક્તિગત રીતે રૂ. 1000ની નાણાકીય સહાયની જાહેરાત કરી હતી.

### મુખ્યમંત્રી નાયડુએ...

**તેમના પ્રયાસો ચાલુ રાખવા હાકલ કરી હતી. નાયડુએ અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપ્યો હતો, મંત્રીઓ અને અધિકારીઓને અસરગ્રસ્ત સ્થળોની મુલાકાત લેવા સૂચના આપી હતી. તેમણે ચક્રવાત દરમિયાન ઉખડી ગયેલા વૃક્ષો અને તૂટેલા વીજળીના લાઇનો દૂર કરવા માટે એસડીઆરએફ, પોલીસ અને ફાયર અધિકારીઓના પ્રયાસોની પ્રશંસા કરી. આ દરમિયાન, મુખ્યમંત્રી ચક્રવાતથી પ્રભાવિત સ્થળોનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. ત્યારબાદ, નાયડુ પૂરગ્રસ્ત ખેતરોનું નિરીક્ષણ કરવા માટે રસ્તાનો ઉપયોગ કરીને કોનસીમા જિલ્લામાં જવાના હતા.**

### રાષ્ટ્રપતિ મુર્મુએ...

અંગૂઠા ઉપરનો ઈશારો કરતા પણ જોવા મળ્યા હતા. આ ઉડાન લગભગ ૩૦ મિનિટ સુધી ચાલી હતી, જે લગભગ ૨૦૦ કિલોમીટરનું અંતર કાપીને અહીંના એરફોર્સ સ્ટેશન પર પાછા ફર્યા હતા.

17મા સ્ક્વોડ્રનના કમાન્ડિંગ ઓફિસર ગ્રુપ કેપ્ટન અમિત ગેહાની દ્વારા વિમાનને ઉડાડવામાં આવ્યું હતું. ફાઇટર જેટે સમુદ્રની સપાટીથી લગભગ 15000 ફૂટની ઊંચાઈએ અને લગભગ 700 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉડાન ભરી હતી.

બાદમાં, રાષ્ટ્રપતિએ મુલાકાતી પુસ્તકમાં એક ટૂંકી નોંધ લખી, જેમાં કહ્યું, 'ભારતીય હવાઈ દળના રાફેલ વિમાન પર મારી પ્રથમ ઉડાન માટે અંબાલા સ્થિત એરફોર્સ સ્ટેશનની મુલાકાત લેતા મને ખૂબ આનંદ થયો. રાફેલ પર ઉડાન મારા માટે એક અવિસ્મરણીય અનુભવ છે.'

### ભારત સાથે વેપાર...

આર્થિક સહકાર) સીઈઓ સમિટમાં બોલતા, ટ્રમ્પે ઉમેર્યું કે તેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ખૂબ આદર અને પ્રેમ છે.

ટ્રમ્પે કહ્યું કે જો તમે ભારત અને પાકિસ્તાનને જુઓ છો તો, હું ભારત સાથે વેપાર સોદો કરી રહ્યો છું અને મને વડા પ્રધાન મોદી માટે ખૂબ આદર અને પ્રેમ છે, જેમ તમે જાણો છો, અમારો ખૂબ જ સારો સંબંધ છે.

ટ્રમ્પની ટિપ્પણી એવા સમયે આવી જ્યારે ટ્રમ્પ દ્વારા ભારત પર 50 ટકા ટેરિફ લાદ્યા પછી નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં છે, જેમાં રશિયન ક્રૂડ ઓઇલની ખરીદી માટે વધારાના 25 ટકા ટેરિફનો સમાવેશ થાય છે. ભારતે અમેરિકાના આ પગલાને અન્યાયી, ગેરવાજબી ગણાવ્યું હતું.

એવું માનવામાં આવે છે કે વિદેશ મંત્રી જયશંકર અને અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ સોમવારે કુઆલાલંપુરમાં દક્ષિણપૂર્વ એશિયન નેશન્સ (ASEAN) ના વાર્ષિક સમિટ દરમિયાન તેમની મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચેના પ્રસ્તાવિત વેપાર કરાર પર વ્યાપકપણે ચર્ચા કરી હતી. જોકે, એવા કોઈ સંકેત મળ્યા નથી કે અમેરિકાએ ભારતને રશિયા સાથેના તેના ઉર્જા સંબંધો માટે લાદવામાં આવેલ 25 ટકા ટેરિફ દૂર કરવાની ખાતરી આપી છે.

છેલ્લા બે અઠવાડિયામાં, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને કહ્યું હતું કે ભારત રશિયન ક્રૂડ ઓઇલ ખરીદવાનું બંધ કરશે. ટ્રમ્પના પહેલા દાવા બાદ, ભારતે સૂચવ્યું હતું કે આવી કોઈ વાતચીત થઈ નથી. વિદેશ મંત્રાલયે 16 ઓક્ટોબરના રોજ જણાવ્યું હતું કે ઉર્જા સ્ત્રોત વ્યાપક અને વૈવિધ્યસભર બની રહ્યો છે, જેમાં અમેરિકા પાસેથી ખરીદીમાં વિસ્તરણનો સમાવેશ થાય છે.

### મોદી સૌથી દેખાવડા...

વ્યક્તિ તરીકે ગણાવીને પ્રશંસા કરી. 'વડા પ્રધાન મોદી સૌથી સરસ દેખાવડા વ્યક્તિ છે . તેઓ એવા લાગે છે કે તમારા પિતા સમાન હોય, તેમનો દેખાવ કિલર છે, સાથે જ તેઓ સૌથી કઠોર છે', એમ ટ્રમ્પે દક્ષિણ કોરિયાના ગ્યોંગજુમાં એપીઈસી (એશિયા-પેસિફિક આર્થિક સહકાર) સીઈઓ શિખર સંમેલનમાં સંબોધતા કહ્યું.

### ટ્રમ્પે ભારત-પાક....

તમારી સાથે વેપાર સોદો કરી શકીશું નહીં. ત્યારબાદ મેં પાકિસ્તાનને ફોન કરીને આ જ વાત કરી હતી. બંને દેશો યુદ્ધ ચાલુ રાખવા માગતા હતા, પણ બે દિવસ પછી તેમણે ફોન કર્યો અને કહ્યું અમને સમજ આવી છે અને તેમણે યુદ્ધ બંધ કર્યું.

### કેવડિયામાં મોદીના...

સરકારના રમતગમત વિભાગના સહયોગથી સાયક્લોથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં દેશભરમાંથી સાયકલ ચાલકો સહભાગી થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય એકતા દિવસની આ પરેડમાં BSF, CISF, ITBP, CRPF, SSB, J|K, પંજાબ, આસામ, ત્રિપુરા, ઓડિશા, છત્તીસગઢ, કેરાળા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને NCC મળીને કુલ ૧૬ કન્ટીજન્ટ્સ સહભાગી થશે. એટલું જ નહિં, ઓપરેશન સિંદૂરના BSFના ૧૬ પદક વિજેતા અને CRPFના પાંચ શૌર્ય ચક્ર વિજેતા બહાદુર જવાનો પણ આ પરેડમાં ખુલ્લી જીપ્સીમાં જોડાશે. આ પરેડનું નેતૃત્વ વિવિધ રંગબેરંગી વેશભૂષા અને અલગ-અલગ વાજિંત્રો સાથે હેરાલ્ડીંગ ટીમ(Heralding Team)ના ૧૦૦ જેટલા સદસ્યો કરવાના છે.

### થાઇલેન્ડમાં 500...

ગયા અઠવાડિયે જંટાએ મ્યાનમારમાં ચીની માફિયા સંચાલિત કેકે પાર્ક કમ્પાઉન્ડ પર દરોડા પાડ્યા બાદ, ભારતીયો સહિત લગભગ 700 તસ્કરી કરાયેલા કામદારો ભાગી ગયા હતા. સરહદ પાર કર્યા પછી થાઈ અધિકારીઓ દ્વારા ભારતીયો સહિત સેંકડો કામદારોની અટકાયત કરવામાં આવી હતી.

એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે મંત્રાલય થાઈલેન્ડમાં અટકાયતમાં લેવાયેલા ભારતીયોની પરિસ્થિતિથી વાકેફ છે, અને તે તેમને ઘરે પાછા લાવવા માટે અધિકારીઓ સાથે કામ કરી રહ્યું છે. અમે એવા ભારતીય નાગરિકોથી વાકેફ છીએ જેમને થાઈ અધિકારીઓ દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોમાં મ્યાનમારથી થાઈલેન્ડમાં પ્રવેશ્યા હતા. થાઈલેન્ડમાં અમારું મિશન થાઈ અધિકારીઓ સાથે મળીને તેમની રાષ્ટ્રીયતાની ચકાસણી કરવા અને થાઈલેન્ડમાં જરૂરી કાનૂની ઔપચારિકતાઓ પૂર્ણ કર્યા પછી તેમને પરત મોકલવા માટે કામ કરી રહ્યું છે એવું જયસ્વાલે જણાવ્યું હતું.

### ટ્રમ્પે નિયુક્ત...

ફોજદારી કાર્યવાહીનું નિરીક્ષણ કરવા માટે ગેરલાયક ઠેરવ્યા, બચાવ પક્ષના વકીલોનો પક્ષ લીધો. જજે તેમના નિર્ણયમાં લખ્યું છે કે 29 જુલાઈના રોજ વચગાળાની ભૂમિકામાંથી રાજીનામું આપ્યા પછી એસેલી ગેરકાયદેસર રીતે તેમની ભૂમિકામાં સેવા આપી રહ્યા છે.

### ભારત-ચીન વચ્ચે...

અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ઓગસ્ટમાં ખાસ પ્રતિનિધિઓની વાટાઘાટો પછી બંને સૈન્ય વચ્ચે આ પ્રકારની પહેલી બેઠક હતી.

વાટાઘાટો મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાઈ હતી, એમ વિદેશ મંત્રાલયે (એમઈએ) જણાવ્યું હતું.

બંને પક્ષોએ ઓક્ટોબર 2024માં કોર્પ્સ કમાન્ડર સ્તરની બેઠકના 22મા રાઉન્ડ પછીની પ્રગતિની નોંધ લીધી અને ભારત-ચીન સરહદી વિસ્તારોમાં શાંતિ અને સુલેહ જાળવવામાં આવી હોવાની બાબતે સંમત થયા.

### દિલ્હી ડાયરી...

મંત્રાલયની કાર્યપ્રણાલી અને મુખ્ય પહેલો અને ભવિષ્ય વિશે માહિતી આપી હતી. સિંધિયા ઉપરાંત અન્ય કેન્દ્રીય મંત્રીઓએ પણ નવા ઉપરાષ્ટ્રપતિ/રાજ્યસભાના અધ્યક્ષને મળવા વારાફરતી મુલાકાત લીધી છે.

સંસદના શિયાળુ સત્ર પહેલા યોજનારી આ વાતચીત પરિચયાત્મક હતી, મંત્રીઓ આ તકનો ઉપયોગ રાધાકૃષ્ણનને તેમના હેઠળ કાર્યરત તેમના સંબંધિત મંત્રાલયો અને વિભાગોના કાર્ય વિશે માહિતી આપવા માટે પણ કરી રહ્યા છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### શિર્ડી પાસે...

જિલ્લાના યેવાલા તાલુકાના એરંડગાવ રાયતે શિવર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, તે દરમિયાન તેમની કાર અચાનક બેકાબુ થઈ જતાં ચારથી પાંચ પલ્ટી મારીને રોડની સાઈડ પર ખાબકી હતી. દુર્ઘટનાનું દશ્ય એટલું ભયાનક હતું કે કારના ભૂક્કા બોલાઈ ગયા હતા. આ દુર્ઘટનાએ સુરતના વેપારી વર્તુળ અને મિત્રમંડળમાં શોકની લાગણી ફેલાવી છે. સુરત શહેરના જાણીતા પરિવારમાંથી આવતાં વિક્રમ ઓસ્વાલ તેમજ વિપિન રાણા હાલમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અને સાગર શાહ તેમજ વિષ્ણુ બેકાવાલાને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હોવાનું પ્રાથમિક જાણવા મળ્યું હતું.

### મૃતક પ્રણવ...

બાદ તેના વતન વાપી પારડી ખાતે લઈ જવામાં આવ્યો હતો અને ત્યાં જ અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા.

### દક્ષિણ ગુજરાતમાં...

સુધી વરસાદી વાતાવરણ યથાવત રહેવાની આગાહી કરી છે. શહેરમાં આજે તાપમાનમાં પણ થોડી ફરફાર નોંધાઈ હતી. મહત્તમ તાપમાન 0.8 ડિગ્રી ઘટીને 32.6 ડિગ્રી નોંધાયું જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને 24.2 ડિગ્રી નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ 75 ટકા રહ્યું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી બે-ત્રણ દિવસ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ફરીથી છૂટાછવાયા વરસાદી ઝાપટા પડી શકે છે, જેથી લોકો અને ખેડૂતોને હજી સાવધ રહેવાની સલાહ આપવામાં આવી છે.

### ઓબીસી અનામત...

નં.૨૩ (બમરોલી-ઉધના-ઉત્તર), વોર્ડ નં.૨૪ (ઉધના-દક્ષિણ) અને વોર્ડ નં. ૨૫ (લિંબાયત-ઉધના યાર્ડ) માં બેઠકોની ફાળવણી યથાવત રાખવામાં આવી છે. ઓબીસી અનામત વધવાની જે અસર દેખાશે તેમાં વોર્ડ નં.૧૦ (અડાજણ-પાલ-ઇચ્છાપોર)માં વર્તમાન કોર્પોરેટર નિલેશ પટેલ અને દંડક ધર્મેશ વાણિયાવાલામાંથી એકની બાદબાકી નિશ્ચિત મનાઈ રહી છે. વોર્ડ નં.૧૩માં પણ મોટો ફેરફાર જોવા મળશે. આ વોર્ડમાં ચારેય બેઠક જનરલ હતી પરંતુ હવે એસસી કેટેગરીની એક બેઠક મહિલા તથા ઓબીસી કેટેગરીની એક બેઠક પુરુષ માટે અનામત રાખવામાં આવી છે. વોર્ડ નં.૧૧ (અડાજણ-ગોરાટ)માં પણ વર્તમાન કોર્પોરેટર અને ડ્રેનેજ કમિટીના ચેરમેન કેયુર ચપટવાલા પર કપાવાની તલવાર લટકી રહી છે. ઓબીસી અનામતમાં વોર્ડ નં.૧૧ (અડાજણ-ગોરાટ) માં એસસી કેટેગરીની એક બેઠક પુરુષ માટે અનામત રાખવામાં આવી છે. જયારે બીજી બેઠક સામાન્ય રહેશે. આ વોર્ડમાં એક બેઠક જૈન ઉમેદવારને આપવામાં આવે છે. જેથી કેયુર ચપટવાળાએ વોર્ડ બદલવો પડે તેવી સંભાવના જોવાઇ રહી છે. આ ઉપરાંત આ ફેરબદલને કારણે હાલના અને પૂર્વ વિપક્ષી નેતા અનુક્રમે પાયલ સાકરીયા અને ધર્મેશ ભંડેરીએ પણ પોતાની બેઠકો બદલવી પડે તેવી સંભાવના જોવાઈ રહી છે.

### ઓબીસી અનામતની...

**વોર્ડ નંબર 9: રાંદેર-જહાંગીરાબાદ-પાલનપુરઃ** આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી જેમાં ફેરફાર કરી હવે ત્રીજી બેઠક પછાતવર્ગ માટે રાખવામાં આવી છે જેમાં પણ એક સામાન્ય બેઠક કમી કરવામાં આવી છે.

**વોર્ડ નંબર 10: અડાજણ-પાલ-ઈચ્છાપોરઃ** વોર્ડ નં. 10માં અગાઉ સ્ત્રી અનામતની પ્રથમ બેઠક એસ.ટી માટે અને અન્ય તમામ સામાન્ય રાખવામાં આવી હતી. જેમાં ફેરફાર કરી હવે સ્ત્રી અનામતની પ્રથમ બેઠક ઓબીસી માટે અને પુરૂષ માટેની બંને સામાન્ય બેઠકોમાંથી હવે એક એસ.સી માટે અનામત કરાતા નિલેશ પટેલ અથવા ધર્મેશ વાણિયાવાલાની બાદબાકી લગભગ નિશ્ચિત છે. પાર્ટી ધારે તો તેમને સાચવવા વોર્ડ બદલી કરી ટિકીટ આપી શકશે.

**વોર્ડ નંબર 11: અડાજણ-ગોરાટઃ** આ વોર્ડમાં પહેલા તમામ બેઠકો સામાન્ય હતી જેમાં ફેરફાર કરી સ્ત્રી અનામત માટે એક બેઠક ઓબીસી અને પુરૂષ માટે એક એસ.સી અનામત રાખવામાં આવી છે. જેથી આ વોર્ડના મજબુત કોર્પોરેટર કેયુર ચપટવાલા માટે લટકતી તલવાર છે.

**વોર્ડ નંબર 12: નાણાવટ-સૈયદપુરા-કુબેરનગર-મહિધરપુરાઃ** વોર્ડ નંબર 12 માં અગાઉ તમામ બેઠકો સામાન્ય રાખવામાં આવી હતી. જેમાં હવે ફેરફાર કરી સ્ત્રી અનામતની પ્રથમ બેઠક ઓબીસી માટે અનામત કરવામાં આવી છે.

**વોર્ડ નંબર 13 વાડી ફળિયા-નવાપુરા-બેગમપુરા-સલાબતપુરાઃ** આ વોર્ડમાં પણ અગાઉ તમામ બેઠકો સામાન્ય રાખવામાં આવી હતી. જેમાં હવે ફેરફાર કરી સ્ત્રી અનામતની પ્રથમ બેઠક એસટી માટે તેમજ પુરુષ માટેની ત્રીજી બેઠક ઓબીસી અનામત કરી દેવામાં આવી છે એટલે કે આ વોર્ડના કોર્પોરેટરોમાં પણ પત્તા કપાઈ શકે તેવી શક્યતા જોવાઈ રહી છે.

**વોર્ડ નંબર 14 ઉમરવાડા-માતાવાડીઃ** આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની પ્રથમ બેઠક પછાત વર્ગ માટે તેમજ અન્ય ત્રણે બેઠક સામાન્ય રાખવામાં આવી હતી જેમાં હવે ફેરફાર કરી સ્ત્રી અનામતની પ્રથમ બેઠક એસટી માટે તેમજ ત્રીજી બેઠક પુરૂષ ઓબીસી અનામત કરવામાં આવી છે. એટલે કે વોર્ડ નંબર 14માં દિનેશ જોધાણી અને નરેશ ધામેલીયા જેવા પુરુષ કોર્પોરેટરો કપાઈ જવાની સંભાવના છે.

**વોર્ડ નંબર 15 કરંજ-મગોબઃ** આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની બંને બેઠકો સામાન્ય અને ત્રીજી બેઠક પુરૂષ ઓબીસી અનામત રાખવામાં આવી હતી અને ચોથી બેઠક સામાન્ય હતી જેમાં ફેરફાર કરી હવે સ્ત્રી અનામતની એક બેઠક ઓબીસી અનામત કરવામાં આવી છે. અને અન્ય ત્રણેય સામાન્ય રાખવામાં આવી છે.

**વોર્ડ નંબર 16 પુણા (વેસ્ટ):** આ વોર્ડમાં જુની બેઠક ફાળવણીમાં ચારેય બેઠકો સામાન્ય હતી. જેમાં હવે ફેરફાર કરી બે બેઠક પૈકી એક સ્ત્રી અનામત અને પુરૂષની એક એક ઓબીસી અનામત કરી દેવાતા પાયલ સાકરીયા અને અન્ય પુરુષ કોર્પોરેટરોના પત્તા કપાઈ જાય તેવી સંભાવના જોવાઈ રહી છે. હાલમાં વિપક્ષી નેતા પાયલ સાકરીયાએ નવો વોર્ડ શોધવો પડશે.

**વોર્ડ નં. 17 પુણા ઈસ્ટઃ** આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી. જેમાં ફેરફાર કરી હવે બે ઓબીસી માટે અનામત રખાઈ છે જેમાં એક સ્ત્રી અનામત અને એક પુરૂષ અનામત ઓબીસી રખાતા રચના હીરપરા, વિપુલ સુહાગીયા અને ધર્મેશ ભંડેરીએ બેઠકો બદલવી પડશે.

**વોર્ડ નંબર 18: લિંબાયત-પરવત-કુંભારીયાઃ** આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની બંને બેઠકો સામાન્ય અને એક પુરૂષ ઓબીસી અનામત બેઠક હતી જેમાં ફેરફાર કરીને હવે પ્રથમ સ્ત્રી બેઠક એસ.ટી કરાઈ છે.

**વોર્ડ નંબર 19:** આંજણા-ડુંભાલ: આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી જેમાં ફેરફાર કરીને હવે સ્ત્રી અનામતની પ્રથમ બેઠક ઓબીસી કરી દેવામાં આવી છે.

**વોર્ડ નંબર 20:** ખટોદરા-મજુરા-સગરામપુરા: આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની પ્રથમ બેઠક એસ.ટી હતી અને અન્ય તમામ બેઠકો સામાન્ય હતી જેમાં હવે ફેરફાર કરી સ્ત્રી અનામતની બંને બેઠકો સામાન્ય કરાઈ છે. અને પુરૂષની બેઠક એક ઓબીસી અનામત રખાઈ છે.

**વોર્ડ નંબર 21:** સોનીફળીયા-નાનપુરા-અઠવા-પીપલોદ: આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી જેમાં ફેરફાર કરી એક પુરૂષની બેઠક ઓબીસી અનામત રખાઈ છે.

**વોર્ડ નંબર 22:** ભટાર-વેસુ-ડુમસ: આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની એસ.સી અને એક સ્ત્રી અનામતની સામાન્ય બેઠક હતી તેમજ પુરૂષની એક ઓબીસી અને એક સામાન્ય બેઠક હતી જેમાં હવે ફેરફાર કરી સ્ત્રી અનામતની બંને બેઠક સામાન્ય કરાઈ છે અન્ય કોઈ ફેરફાર કરાયા નથી.

**વોર્ડ નંબર 23:** બમરોલી-ઉધના(નોર્થ), વોર્ડ નંબર 24 ઉધના (સાઉથ), વોર્ડ નંબર 25 લિંબાયત-ઉધના યાર્ડ: આ ત્રણેય વોર્ડમાં બેઠકોમાં કોઈ ફેરફાર કરાયા નથી.

**વોર્ડ નંબર 26 ગોડાદરા-ડીંડોલી(ઉત્તર):** આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી. જેમાં ફેરફાર કરી માત્ર એક સ્ત્રી અનામતની એક બેઠક ઓબીસી કરાઈ છે.

**વોર્ડ નંબર 27: ડિંડોલી (સાઉથ) :** આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી. જેમાં ફેરફાર કરી સ્ત્રી અનામતની એક બેઠક ઓબીસી કરાઈ છે.

**વોર્ડ નંબર 28:** પાંડેસરા-ભેસ્તાન: આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામતની એક બેઠક ઓબીસી અને અન્ય ત્રણેય સામાન્ય હતી જેમાં ફેરફાર કરી સ્ત્રી અનામતની બંને બેઠક સામાન્ય અને એક પુરૂષ બેછક ઓબીસી અનામત કરાઈ છે.

**વોર્ડ નંબર 29:** અલથાણ-બમરોલી-વડોદ: આ વોર્ડમાં અગાઉ તમામ બેઠકો સામાન્ય હતી જેમાં ફેરફાર કરી પુરૂષ બેઠક ઓબીસી અનામત કરાઈ છે.

**વોર્ડ નંબર 30:** કનસાડ-સચિન-ઉન-આભવા: આ વોર્ડમાં અગાઉ સ્ત્રી અનામત એક બેઠક ઓબીસી એક સ્ત્રી અનામત બેઠક સામાન્ય એક પુરૂષ બેઠક એસ.ટી અને એક સામાન્ય હતી જેમાં ફેરફાર કરીને હવે સ્ત્રી અનામતની બંને બેઠક સામાન્ય અને એક પુરૂષ ઓબીસી અને એક સામાન્ય કરવામાં આવી છે.